# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-08-2024** **Morning : 7.45 to 7.55 AM**

**Day : Monday** **National News**

આકાશવાણી- સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**********************************************************************

- આજે સિંગાપોરમાં ભારત-સિંગાપોર મંત્રી કક્ષાની ગોળમેજી પરિષદ યોજાશે. - ભારતનાં ચાર કેન્દ્રીય મંત્રીઓ ભાગ લેશે.
- આજે દેશભરમાં જન્માષ્ટમીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે - ઉત્તર પ્રદેશના મથુરા અને વૃંદાવન સહિતનાં કૃષ્ણ મંદિરોમાં ભવ્ય શણગાર કરાયો.
- હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવામાં ભારે વરસાદની ચેતવણી આપી.
- રશિયાએ યુક્રેન પર કરેલા શ્રેણીબદ્ધ હુમલામાં 4 લોકોનાં મૃત્યુ - 37ને ઇજા.
- આજથી ન્યૂયોર્કમાં યુએસ ઓપન ટેનિસનો પ્રારંભઃ ભારતનાં સુમિત નાગલ અને રોહન બોપન્ના પર સૌની નજર.

***************************************************

## ISMR

**વેપાર અને આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આજે સિંગાપોરમાં બીજી ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય ગોળમેજી પરિષદ-ISMR યોજાશે.**

ચાર કેન્દ્રીય મંત્રીઓ - નિર્મલા સીતારમણ, પીયૂષ ગોયલ, એસ જયશંકર અને અશ્વિની વૈષ્ણવ આ બેઠકમાં ભાગ લેશે. તેમની મુલાકાત દરમિયાન, મંત્રીઓ તેમના સિંગાપુરના સમકક્ષો અને નેતૃત્વ સાથે વાતચીત કરશે. ISMR એ ભારત-સિંગાપોર દ્વિપક્ષીય સંબંધો માટે નવી કાર્યસૂચિ નક્કી કરવા માટેનું અનોખુ વ્યવસ્થાતંત્ર છે. તેની પ્રથમ બેઠક સપ્ટેમ્બર 2022માં ભારતમાં યોજાઈ હતી.

............................................................

## JAMASHTIMI

દેશભરમાં આજે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર શ્રધ્ધાપૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો મંદિરોમાં દર્શન કરવા પહોંચી રહ્યા છે. ઉત્તર પ્રદેશના મથુરા અને વૃંદાવનમાં જન્માષ્ટમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. શ્રી બાંકે બિહારી મંદિર, પ્રેમ મંદિર, વૃંદાવનમાં ઇસ્કોન મંદિર અને મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિર સહિત અન્ય ઘણા મંદિરોને આ પ્રસંગે ખાસ શણગારવામાં આવ્યા છે.

............................................................

## PREZ- VP JANAMASHTAMI-GREETINGS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જન્માષ્ટમીના પર્વ નિમિતે વિદેશમાં વસતા તમામ નાગરિકો અને ભારતીયોને શુભેચ્છા પાઠવી છે.

પોતાના સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, આનંદનો આ તહેવાર આપણને ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય આદર્શો પ્રત્યે સમર્પિત થવાની પ્રેરણા આપે છે. સુશ્રી મુર્મુએ કહ્યું કે, શ્રીમદ ભગવદ્ ગીતા, શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ, સમગ્ર માનવતા માટે પ્રેરણા અને જ્ઞાનનો શાશ્વત સ્રોત છે. તેમણે વધુમાં ભગવાન શ્રી કૃષ્ણના ઉપદેશોને આત્મસાત કરવા અને દેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવાનો સંકલ્પ કરવા સૌને વિનંતી કરી.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  જન્માષ્ટમીના પર્વ નિમિતે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં શ્રી ધનખડે  કહ્યું કે, આ તહેવાર ધર્મના શાશ્વત મૂલ્યો, બુરાઈ પર ભલાઈની જીત, તેમજ સત્ય અને કરુણા આધારિત જીવનનું મહત્વ દર્શાવે છે.

……………………………………………………

# MAHARASHTRA CABINET UPS

મુખ્યમંત્રી એકનાથ શિંદેની અધ્યક્ષતામાં મહારાષ્ટ્ર મંત્રીમંડળે કેન્દ્રની યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS)ની જેમ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સુધારેલી રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS)ના અમલીકરણને મંજૂરી આપી છે. રાજ્ય સરકારની સુધારેલી રાષ્ટ્રીય પેન્શન યોજના 1 માર્ચ, 2024થી લાગુ કરવામાં આવશે.

રાજ્ય સરકારના અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનાં 13 લાખ 45 હજાર કર્મચારીઓ છે આમાંથી 8 લાખ 27 હજાર કર્મચારીઓને હાલમાં રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

..........................................................

# NARCOTICS-CONTROL-BUREAU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે કહ્યું છે કે, ગેરકાયદેસર ડ્રગ્સના વેપારના નેટવર્કને ખતમ કરવાની જરૂર છે અને સરકાર તેની સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે આગળ વધશે. છત્તીસગઢના નવા રાયપુરમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના પ્રાદેશિક કાર્યાલયનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કરતાં તેમણે આ પ્રમાણે જણાવ્યું. આ પ્રસંગે, કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં છત્તીસગઢમાં ડ્રગ્સ, નશીલા દ્રવ્યોની સ્થિતિ પર સમીક્ષા બેઠકનું પણ આયોજન કરાયું હતું.

આ બેઠકમાં છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈ, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય અને છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું હતું કે, ભારતની આઝાદીના 100 મા વર્ષે 2047 સુધીમાં દેશને નશામુક્ત બનાવવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ હવે દરેક દેશવાસીઓનો સંકલ્પ બની રહ્યો છે.

તેમણે કહ્યું કે, ગેરકાયદેસર ડ્રગ્સનો વેપાર રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો છે. આમાંથી આવતા નાણાં આતંકવાદ અને ડાબેરી ઉગ્રવાદને પ્રોત્સાહન આપે છે અને દેશની અર્થવ્યવસ્થાને નબળી પાડે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ છત્તીસગઢની તેમની મુલાકાત દરમિયાન નવા રાયપુરમાં “પીપલ ફોર પીપલ” અભિયાન શરૂ કર્યું. આ અભિયાન “એક પેડ મા કે નામ” અભિયાન હેઠળ ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત આ વિસ્તારમાં 1 લાખથી વધુ રોપાઓ વાવવામાં આવશે.

……………………………………………………………

## SUMMIT-WAVES

સરકાર ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા અને તેના વૈશ્વિક પ્રભાવને વિસ્તારવાના ઉદ્દેશ્ય સાથે પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-WAVES)ના આયોજનની તૈયારી કરી રહી છે. આ સમિટ આ વર્ષે 20મી નવેમ્બરથી 25મી નવેમ્બર સુધી ગોવામાં યોજાશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે 'ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જ-સીઝન 1' હેઠળ 25 પડકારો લોન્ચ કર્યા હતા. WAVES મનોરંજન, અર્થશાસ્ત્ર અને ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરીને વિશ્વભરમાં મીડિયા અને મનોરંજન સમુદાયના પ્રતિકો માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બનવા માટે તૈયાર છે.

……………………………………………………………

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..........................................................

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, દેશના યુવાનોને અંતરિક્ષ ક્ષેત્રે સુધારાથી ઘણો ફાયદો થયો છે. ગઈકાલે આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં ઘણું એવું થઈ રહ્યું છે જેનાથી વિકસીત ભારતના પાયા મજબૂત બની રહ્યા છે.

તેમણે રાષ્ટ્રીય અવકાશ દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આ મહિનાની 23 તારીખે દેશવાસીઓએ પહેલો રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ અને ચંદ્રયાન -3ની સફળતાનો ઉત્સવ મનાવ્યો. શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષે લાલ કિલ્લાએથી યુવાનોને રાજકારણમાં જોડાવવાના તેમના આહ્વાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે. હર ઘર તિરંગા ઝુંબેશ વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, જમ્મૂ કાશ્મીરના

રિયાસીમાં વિશ્વના સૌથી ઉંચા પૂલ, ચિનાબ રેલવે પૂલ ઉપર 750 મીટર લાંબી તિરંગા યાત્રા કાઢવામાં આવી.

જ્યારે અરૂણાચલ પ્રદેશના કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબી તિરંગા યાત્રા નીકળી હતી. શ્રી મોદીએ કહ્યું કે આ અભિયાને સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધ્યો છે, અને આ જ એક ભારત, શ્રેષ્ઠ ભારત છે.

પ્રધાનમંત્રી મોદીએ લોકોને 'કેચ ધી રેન મૂવમેન્ટ' અને 'એક પેડ મા કે નામ' ઝુંબેશમાં ભાગ લેવાનો આગ્રહ કર્યો. 19 ઓગષ્ટે આયોજીત વિશ્વ સંસ્કૃત દિવસ વિશે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, લિથુએનિયાના પ્રોફેસર વાયતિસ વિદ્દનાસે 'સંસ્કૃત ઑન ધી રિવર્સ' નામનું એક અનોખું અભિયાન શરૂ કર્યું છે. તેમણે જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન-નવી અને તેલુગુ ભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

.........................................................

# BJP KASHMIR MEETING

જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોના નામોને અંતિમ રૂપ આપવા માટે ગઈ કાલે નવી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા, કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ અને જિતેન્દ્ર સિંહ અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર હતા.

............................................................

# RUSSIA STRIKES

રશિયાએ ઉત્તર, પૂર્વ અને દક્ષિણ યુક્રેન પર કરેલાં શ્રેણીબદ્ધ હુમલાઓમાં ચાર લોકોના મૃત્યુ અને 37 ઘાયલ થયા હતા. ચેર્નિહિવ, સુમી, ખાર્કિવ અને ડોનેત્સક સહિતના  કેટલાક પ્રદેશોને નિશાન બનાવવામાં આવ્યા હતા. સુમીમાં મિસાઈલ હુમલામાં બાળકો સહિત અનેક લોકો માર્યા ગયા અને ઘાયલ થયા. ખાર્કિવમાં, 13 લોકો ઇજાગ્રસ્ત થયા હતા, જેમાં ગેસ પાઇપલાઇન અને ઘરોને નુકસાન થયું હતું.

યુક્રેનની વાયુસેનાએ અહેવાલ આપ્યો છે કે મોટાભાગની મિસાઇલો તેમના લક્ષ્યોને ચૂકી ગઈ હતી અને કેટલાક રશિયન ડ્રોનને અટકાવી દેવાયા હતા.

............................................................

# BANGLESH ELECTION

બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા પ્રોફેસર મુહમ્મદ યુનુસે કહ્યું છે કે, સામાન્ય ચૂંટણી યોજવાનો સમય એ રાજકીય નિર્ણયનો વિષય છે અને વચગાળાનું શાસન કેટલો સમય સત્તામાં રહેશે એ બાંગ્લાદેશના લોકો નક્કી કરશે. તેમણે બાંગ્લાદેશ ટેલિવિઝન પરથી રાષ્ટ્રને કરેલા સંબોધનમાં કહ્યું કે, વહીવટીતંત્ર,

ન્યાયતંત્ર, ચૂંટણી પંચ, ચૂંટણી પ્રણાલી અને કાયદો-વ્યવસ્થાના ક્ષેત્રમાં જરૂરી સુધારા કર્યા પછી દેશમાં મુક્ત, ન્યાયી અને સહભાગી ચૂંટણી યોજાશે.

.........................................................

# SAFF U20 CHAMPIONSHIP

ફૂટબોલની SAFF અંડર 20 ચેમ્પિયનશિપમાં નેપાળના કાઠમાંડુમાં આજે ભારત બાંગ્લાદેશ સામે ટકરાશે. મેચ ભારતીય સમય અનુસાર પોણા ત્રણ વાગે શરૂ થશે. ભારતની પુરુષ ટીમ ભૂટાન અને માલદિવ્સને 1-0  હરાવીને સેમી ફાઇનલમાં ગ્રુપ-B માં ટોચ પર પહોંચી ગઈ છે.

ભારતના મુખ્ય કોચ રંજન ચૌધરીએ કહ્યું કે, બાંગ્લાદેશ એક મજબૂત ટીમ છે, આજે ભારત તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે.

.........................................................

# RAIN FORECAST

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવામાં ભારે વરસાદની ચેતવણી આપી છે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાન પરનું દબાણ તીવ્ર દબાણમાં પરિવર્તિત થયું છે. આ સિસ્ટમ પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં આગળ વધવાની સંભાવના હોવાથી ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ રાજસ્થાનમાં ભારે વરસાદ પડશે.

આ ઉપરાંત બાંગલાદેશ અને પશ્ચિમ બંગાળનાં વિસ્તારોમાં હળવું દબાણ વધુ તીવ્ર બનવાથી આગામી બે દિવસમાં પશ્ચિમ બંગાળ, ઉત્તર ઓડિશા અને ઝારખંડ તરફ આગળ વધશે. 30 ઓગસ્ટ સુધી ગુજરાતનાં દરિયામાં દરિયો તોફાની બનવાની સંભાવના છે.

હવામાન વિભાગે માછીમારોને 30 ઓગસ્ટ સુધી ગુજરાત અને મહારાષ્ટ્રનાં દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

..........................................................

# US OPEN TENNIS

યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ 2024નો આજથી ન્યૂયોર્કમાં પ્રારંભ થશે. ભારત સહિત વિશ્વના ટેનિસ ચાહકોની નજર ભારતના સુમિત નાગલ અને રોહન બોપન્ના પર રહેશે. સુમિત નાગલ 2019 પછી 1 વર્ષમાં ચારેય ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટની સિંગલ્સ ઈવેન્ટમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય બનવા માટે તૈયાર છે.

ટેનિસ રેન્કિંગમાં 72મું સ્થાન ધરાવતા નાગલ આ વર્ષે ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં પ્રથમ રાઉન્ડમાંથી બહાર થતાં પહેલાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં બીજા રાઉન્ડમાં પહોંચ્યા હતા. બે વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડેન મેન્સ ડબલ્સમાં સ્પેનના માર્સેલ ગ્રાનોલર્સ અને આર્જેન્ટિનાના હોરાસિયો ઝેબાલોસને પાછળ છોડીને બીજા ક્રમે છે.

મેન્સ સિંગલ્સ યુએસ ઓપન ગત ચેમ્પિયન નોવાક જોકોવિચ, ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન વિજેતા સ્પેનના કાર્લોસ અલ્કારાઝ સાથે ફ્લશિંગ મીડોઝ ખાતે કોર્ટમાં  ઉતરશે. વિશ્વમાં પ્રથમ ક્રમાંકીત ઇટાલીનો જેનિક સિનર પણ સ્પર્ધામાં છે. મહિલા એકલમાં બધાની નજર યુએસએની કોકો ગોફ પર રહેશે જે વિશ્વમાં નંબર 1, પોલેન્ડની ભૂતપૂર્વ યુએસ ઓપન ચેમ્પિયન ઇગા સ્વાઇટેકને સામે રમવા માટે પરસેવો પાડી રહી છે.

.........................................................

# PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સ 2024 28મી ઓગસ્ટથી શરૂ થશે. બુધવારે ભવ્ય ઉદઘાટન સમારોહ પછી સતત 11 દિવસ સુધી સ્પર્ધાઓ યોજાશે, જે 8 સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. આ વખતે ભારતે ગેમ્સના ઈતિહાસમાં 84 ખેલાડીઓ સાથે તેની સૌથી મોટી ટુકડી મોકલી છે.

એક વિડિયો સંદેશમાં, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ ભારતીય ટુકડીને શુભેચ્છા પાઠવી હતી અને નાગરિકોને "ચીયર ફોર ઈન્ડિયા" ના નારા લગાવીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરી હતી.

.........................................................